ઓમાઈક્રોનનો ભય હળવો થતાં વિશ્વ બજાર પાછળ સેન્સેક્સમાં ૮૮૬ પૉઈન્ટ અને નિફ્ટીમાં ૨૬૪ પૉઈન્ટ બાઉન્સબૅક: રોકાણકારોની સંપત્તિમાં ₹ ૩.૪૫ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નિષ્ણાતોના મતે કોવિડ-૧૯નો નવો વેરિયન્ટ ઓમાઈક્રોન ઝડપભેર પ્રસરે છે, પરંતુ તે ડેલ્ટા વેરિયન્ટ જેટલો જોખમી ન હોવાના અહેવાલ વહેતા થતાં આજે વૈશ્વિક ઈક્વિટી બજારમાં ઉછાળો આવતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ વેચવાલી અટકી હતી અને ખાસ કરીને બૅન્કિંગ અને મેટલ ક્ષેત્રના શૅરોમાં બાર્ગેઈન હંટિંગ નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૮૬.૫૧ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૬૪.૪૫ પૉઈન્ટનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૪૫ લાખ કરોડનો વધારો થયો હતો.

આજે સત્રના આરંભે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૫૬,૭૪૭.૧૪ના બંધ સામે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સુધારાના ટોને ૫૭,૧૨૫.૯૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૫૬,૯૯૨.૨૭ અને ઉપરમાં ૫૭,૯૦૫.૬૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધથી ૮૮૬.૫૧ પૉઈન્ટ અથવા તો ૧.૫૬ ટકાના સુધારા સાથે ૫૭,૬૩૩.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૧૬,૯૧૨.૨૫ના બંધ સામે ૧૭,૦૪૪.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૧૬,૯૮૭.૭૫ અને ઉપરમાં ૧૭,૨૫૧.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધથી ૨૬૪.૪૫ પૉઈન્ટ અથવા તો ૧.૫૬ ટકા વધીને ૧૭,૧૭૬.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૮૭ પૉઈન્ટ ઉછળી આવતાં આજે બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩,૪૫,૭૧૯.૫૫ કરોડ વધીને ૨,૬૦,૧૮,૪૯૪.૨૧ કરોડની સપાટીએ રહ્યું હતું.

એકંદરે ઓમાઈક્રોન વેરિયન્ટ ઝડપભેર પ્રસરી રહ્યો હોવા છતાં ડેલ્ટા વેરિયન્ટ જેટલો જોખમી ન હોવાના અહેવાલે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં પણ માત્ર બીએસઈ હૅલ્થકૅર ઈન્ડેક્સમાં સાધારણ ૦.૧૯ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય સાર્વત્રિક સ્તરેથી લેવાલી નીકળતાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં ચીનની કેન્દ્રવર્તી બૅન્કે પ્રવાહિતા વધારવા માટે નાણાં નીતિ હળવી કરતાં તેજીને ટેકો મળ્યો હોવાનું જીઓજિત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ વિભાગના હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્ક તેની નાણાનીતિની સમીક્ષાનાં આવતીકાલના નિર્ણયમાં ટૂંકાગાળાની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતાં આવતીકાલે ચાવીરૂપ દરો યથાવત્ રાખે તેવા આશાવાદે બૅન્ક તથા ફાઈનાન્સિ ક્ષેત્રના શૅરોમાં લેવાલી નીકળતાં તેજીને ટેકો મળ્યો હતો.

વધુમાં કોટક સિક્યોરિટીઝનાં ઈક્વિટી રિસર્ચ રિટેલ વિભાગના હેડ શ્રીકાંત ચૌહાણે જણાવ્યું હતું કે આજે મુખ્યત્વે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત અગાઉના સત્રોમાં બૅન્ક અને મેટલ ક્ષેત્રના શૅરોમાં ભારે વેચવાલી રહ્યા બાદ આજે વેચાણો કપાવાને કારણે બૅન્ચમાર્કમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના તમામ ૩૦ શૅરો સુધારા સાથે બંધ રહ્યા હતા, જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૬૩ ટકાનો ઉછાળો ટાટા સ્ટીલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એક્સિસ બૅન્કમાં ૩.૬૦ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૩.૪૬ ટકાનો, કોટક બૅન્કમાં ૨.૭૪ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૨.૪૩ ટકાનો અને ટિટાનમાં ૨.૩૯ ટકાનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે તમામ સેક્ટરનાં ઈન્ડેક્સમાં ૩.૨૦થી ૦.૧૯ ટકા સુધીના સુધારા સાથે બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ મેટલ ઈન્ડેક્સમાં ૩.૨૦ ટકાનો, રિયલ્ટી ઈન્ડેક્સમાં ૨.૫૮ ટકાનો, બૅન્કેક્સમાં ૨.૫૪ ટકાનો, ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૨.૦૫ ટકાનો, બેઝિક મટિરિયલ ઈન્ડેક્સમાં ૨.૦૨ ટકાનો અને પીએસયુ ઈન્ડેક્સમાં ૧.૮૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સૌથી ઓછો ૦.૧૯ ટકાનો સુધારો બીએસઈ હૅલ્થકૅર ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. તેમ જ આજે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૨૯ ટકા વધીને બંધ રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે શાંઘાઈ, હૉંગકૉંગ, સિઉલ અને ટોકિયો સહિત એશિયાના બજારો સુધારાના ટોને બંધ રહયા હતા. તેમ જ યુરોપના બજારોમાં પણ મધ્ય સત્ર સુધી સુધારો દર્શાવાઈ રહ્યો હતો.

દરમિયાન આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધથી ૨.૨૬ ટકા વધીને બેરલદીઠ ૭૪.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૭૫.૪૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૩૬૧.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

નવી મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે રોકાણકારોની આક્રમક લેવાલી નીકળતાં જોવા મળેલા સુધારા ઉપરાંત વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં એક તબક્કે ડૉલર સામે રૂપિયામાં ૧૯ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ કોવિડ-૧૯ના નવા વૅરિયન્ટની અસરોની ચિંતા અને મૂડી બજારમાં વિદેશી ફંડોનો બાહ્ય પ્રવાહ જળવાઈ રહેતાં સત્રના અંતે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૭૫.૪૧ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૭૫.૪૫ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૭૫.૩૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૭૫.૨૬ અને નીચામાં ૭૫.૪૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધથી ચાર પૈસા વધીને ૭૫.૪૧ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૮૬ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૬૪ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે સત્રના આરંભે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો ઘટાડો આવ્યા બાદ ૦.૫ ટકાના સુધારા સાથે ૯૬.૩૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધથી બે ટકા વધીને બેરલદીઠ ૭૫.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાના અહેવાલ ઉપરાંત ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૩૬૧.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું.

સોનામાં ₹ ૧૨નો ઘસરકો, ચાંદીમાં ₹ ૧૩૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોવિડ-૧૯ના નવા વેરિયન્ટની અસરો અંગેની સ્પષ્ટતાના અભાવ વચ્ચે આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો.

જોકે, વિશ્વ બજારમાં ડૉલર નબળો પડતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસા વધી આવતાં સ્થાનિકમાં સોનાની આયાત પડતર ઘટતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨નો ઘસરકો આવ્યો હતો, જ્યારે .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫ વધી આવ્યા હતા. આમ આજે બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક સોનાચાંદી બજારમાં ખાસ કરીને સોનામાં રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની માગ જળવાઈ રહી હતી, જ્યારે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહેતાં હાજરમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૭,૬૭૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૭,૮૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે .૯૯૯ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫ વધીને રૂ. ૬૧,૧૩૭ની સપાટીએ રહ્યા હતા.

અમેરિકા ખાતે ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવામાં વધારો થયો હોવાના નિર્દેશ સાથે ફેડરલ રિઝર્વ ઝડપભેર સ્ટિમ્યુલસ પેકેજમાં કાપ મૂકશે અને વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બની હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધથી ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૧૭૭૯.૫૦ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધથી સાધારણ સુધારા સાથે ૧૭૭૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધથી ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૨.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

કોવિડ-૧૯નો નવો વેરિયન્ટ ઝડપભેર પ્રસરતો હોવા છતાં ડેલ્ટા જેટલો જોખમી ન હોવાના પ્રાથમિક અહેવાલ વહેતા થતાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સોનામાં સલામતી માટેની માગ ઘટતાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું વિશ્લેષકો જણાવતા ઉમેરે છે કે જો ઈક્વિટી સહિત અન્ય બજારોમાં સુધારાતરફી વલણ રહેશે તો સોનાના ભાવ હજુ દબાણ હેઠળ આવી શકે છે અને હાલને તબક્કે જો નવા વેરિયન્ટની ચિંતા સપાટી પર આવે તો જ ભાવમાં સુધારાની શક્યતા છે.

વર્તમાન ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં ૯.૩૯ લાખ ટન ખાંડની નિકાસ: આઈસ્ટા

નવી દિલ્હી: ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૧-૨૨ની ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં અથવા તો ડિસેમ્બરના પહેલા સપ્તાહ સુધીમાં ખાંડ મિલોએ ૯.૩૯ લાખ ટન ખાંડની નિકાસ કરી છે. જોકે, વૈશ્વિક સ્તરે હાલ ખાંડના ભાવમાં નરમાઈનો ટોન હોવાથી મિલો નિકાસ માટે વધુ ઉત્સુક ન હોવાનું અગ્રણી વેપાર સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ એક યાદીમાં જણાવ્યું હતું.

સમીક્ષા હેઠળના સમયગાળામાં અંદાજે ૪.૬૮ લાખ ટન ખાંડ નિકાસ માટે પરિવહન હેઠળ (ટ્રાન્ઝિસ્ટ)માં છે અને મિલોએ વર્તમાન ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં સરકારની સબસિડી વિના ૩૩ લાખ ટન ખાંડની નિકાસના કોન્ટ્રાક્ટ કર્યા છે. નોંધનીય બાબત એ છે કે ખાંડ મોસમ ૨૦૨૧-૨૨ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)માં ખાંડની નિકાસ સરકારની સબસિડી વિના થશે.

આઈસ્ટાની આંકડાકીય માહિતી અનુસાર ખાંડ મિલોએ ગત ૧ ઑક્ટોબરથી ૬ ડિસેમ્બર દરમિયાન ૯,૩૯,૪૩૫ ટન ખાંડની નિકાસ કરી છે. ભારતીય ખાંડ મિલો ગત સાલની જેમ ખાંડની નિકાસ કરવા માટે ઉત્સુક નથી કેમ કે હાલ ખાંડના આંતરરાષ્ટ્રીય ભાવ આકર્ષક સપાટીએ નથી. જોકે, અત્યાર સુધીના નિકાસ સોદાઓમાં સૌથી વધુસોદા મહારાષ્ટ્રની મિલોના થયા છે. તેમ છતાં રાજ્યમાં રેલ અને રોડ માર્ગની પરિવહન સમસ્યાઓનો સામનો મિલો કરી રહ્યા છે. ગત વર્ષ ૨૦૨૦-૨૧ની ખાંડ મોસમમાં ૭૨.૩ લાખ ટન ખાંડની વિક્રમ નિકાસ થઈ હતી, જેમાં બહુધા નિકાસ શિપમેન્ટ સરકારી સબસિડીની સહાયથી થયા હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આયાતી તેલમાં ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ખાસ કરીને ચીનની આક્રમક લેવાલી રહેતાં ક્રૂડ પામતેલના વાયદામાં ૧૮૧ રિંગિટનો ઉછાળો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૯ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં પણ ૫૮ પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં આયાતી તેલના ભાવમાં ઉછાળા જોવા મળ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સન ક્રૂડમાં રૂ. ૨૦નો, સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો, આરબીડી પામોલિનમાં રૂ. ૮નો, ક્રૂડ પામતેલમાં રૂ. ૭નો અને સોયા રિફાઈન્ડ તથા સોયા ડિગમમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

આજે હાજર પાછળ ઓનલાઈન વાયદામાં પણ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે સોયા રિફાઈન્ડ અને ક્રૂડ પામતેલના વાયદામાં ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૪ વધીને અનુક્રમે રૂ. ૧૨૨૬ અને રૂ. ૧૧૨૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હોવાથી ડાયરેક્ટ ડિલિવરી શરતે એએનએ અને ગોલ્ડન એગ્રીનાં અંદાજે ૬૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૧૯૫થી ૧૧૯૬ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૬, ક્રૂડ પામતેલના રૂ. ૧૧૩૨, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫, સોયા ડિગમના રૂ. ૧૧૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન ક્રૂડના રૂ. ૧૨૧૦, સિંગતેલના રૂ. ૧૩૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સરસવના રૂ. ૧૬૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૮૦થી ૨૦૯૦માં, લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૦૦માં અને વૉશ્ડ કૉટનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૧૭૫થી ૧૧૮૦માં થયા હતા.

મધ્ય પ્રદેશના સોયાસીડના મથકો પર આજે ૨.૮ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૨૦૦થી ૬૫૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૫૦૦થી ૬૬૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ખાંડમાં છૂટાછવાયા કામકાજે મિશ્ર વલણ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૫ વધીને રૂ. ૩૨૨૫થી ૩૨૬૦ આસપાસના મથાળે થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો વધારો થયો હતો, જ્યારે હાજરમાં રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૮નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની જળવાઈ રહેલી આવક સામે રાબેતા મુજબ સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, માલની ગુણવત્તા અને માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૮ના ઘટાડા સાથે રૂ. ૩૩૭૨થી ૩૪૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪ વધીને અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૪૭૦થી ૩૬૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવા છતાં ટેન્ડરોમાં ભાવ સુધારાતરફી રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે અનુક્રમે રૂ. ૩૩૨૦થી ૩૩૬૫માં અને રૂ. ૩૩૫૦થી ૩૫૨૦માં થયાના અહેવાલ હતા.

કોપર અને નિકલ સહિતની અમુક ધાતુઓમાં સુધારો, ટીનમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચીનની હળવી નાણાં નીતિના પગલાંને ધ્યાનમાં લેતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫નો ઉછાળો આવ્યો હતો. તેમ જ નિકલની આગેવાની હેઠળ કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ ઔદ્યોગિક માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૯નો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

હાલ વૈશ્વિક સ્તરે કોવિડ-૧૯ના નવા વૅરિયન્ટની અર્થતંત્ર પર અસરો અંગેની ચિંતા સપાટી પર હોવા છતાં ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને હળવી નાણાં નીતિ અખત્યાર કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ત્રણ મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધથી ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૫૨૭.૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે એલ્યુમિનિયમના ભાવ ૦.૭ ટકા, ઝિન્કના ભાવ ૦.૧ ટકા અને લીડના ભાવ ૦.૩ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ટીનના ભાવ ૦.૭ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૫૯૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારો આવ્યો હતો, જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૯ વધીને રૂ. ૭૭૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૬ વધીને રૂ. ૬૯૫, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૩ વધીને અનુક્રમે રૂ. ૭૧૯, રૂ. ૭૧૧ અને રૂ. ૨૭૫ તથા બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને અનુક્રમે રૂ. ૫૪૪ અને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા. આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૯૭૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં મર્યાદિત માગે ટકેલું વલણ રહ્યું હતું.

મૅડપ્લસ હેલ્થનો આઈપીઓ ૧૩ ડિસેમ્બરે ખૂલશે: પ્રાઈસ બેન્ડ ₹ ૭૮૦થી ૭૯૬

નવી દિલ્હી: ફાર્મસીની રિટેલ ચેઈન ધરાવતી કંપની મૅડપ્લસ હેલ્થ સર્વિસીસનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઑફર) જાહેર ભરણા માટે આગામી ૧૩ ડિસેમ્બરના રોજ ખૂલશે અને ભરણા માટેની પ્રાઈસબૅન્ડ શૅરદીઠ રૂ. ૭૮૦થી ૭૯૬ નિર્ધારિત કરવામાં આવી હોવાનું કંપનીએ એક્સચેન્જને એક યાદીમાં જણાવ્યું છે. ત્રણ દિવસીય આ ભરણું ૧૫ ડિસેમ્બરના રોજ બંધ થશે, જ્યારે એન્કર ઈન્વેસ્ટર માટે ભરણું ૧૦મી ડિસેમ્બરે ખૂલશે, એમ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ઈનિશિયલ શૅર સેલ ઑફરમાં ૬૦૦ કરોડના મૂલ્યના નવાં ઈક્વિટી શૅર વેચાણ માટે ઓફર કરવામાં આવશે અને પ્રમોટર તથા હાલના શૅરધારકો દ્વારા રૂ. ૭૯૮.૩૦ કરોડના મૂલ્યના શૅર વેચાણ માટે ઓફર કરવામાં આવશે. કંપનીએ તેના ઓફર ફોર સેલ (ઓએફએસ)ના રૂ. ૧૦૩૮.૭૧ કરોડના કદમાં રૂ. ૭૯૮.૩૦ કરોડનો ઘટાડો કર્યો છે.

કંપનીના ભરણાંમાં રૂ. પાચ કરોડના મૂલ્યના શૅર તેના કર્મચારીઓ માટે અનામત રાખ્યા છે, જેમાં તેઓને અંતિમ ઈશ્યૂ ભાવથી રૂ. ૭૮ ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.

પશ્ચિમ રેલવે

વિજ્ઞપ્તી

વિલેપાર્લા ખાતે મીડલ FOBના PF નં. ૨ ઉપર દક્ષિણ છેડે સીડી બંધ રહેશે

વિલેપાર્લા (મીડલ) ફુટ ઓવર બ્રીજના પ્લેટફોર્મ નં. ૧/૨ ઉપરની દક્ષિણ બાજુની સીડી, નવા FOBના બાંધકામ માટે ૯/૧૨/૨૦૨૧ના રાત્રે ૨૨.૦૦ ક. બંધ રહેશે. અગવડતા બદલ દિલગીર છીએ. 0580

અમને લાઈક કરો: facebook.com/WesternRly

NOTICE

MR NAVINCHANDRA AMRATLAL CHANDE, a Member of the DHARAM-BHASKAR CO-OPERATIVE HOUSING SOCIETY LTD. having address as Building No.195, Pantnagar, Ghatkopar (East)- Mumbai- 400075, and holding Flat No. 5381 admeasuring 541 sq.ft. carpet area, on Ground Floor("Flat"), and 5 shares of Rs. 50/- each bearing Nos.16 to 20 under Share Certificate No. 04 ("shares") died intestate on 27/08/2015. The society transferred the Flat and said shares in the name his wife SMT. SHARDA NAVINCHANDRA CHANDE who also died intestate on 10/02/2019. The society hereby invites claims or objections from the heir/s or other claimants/objector/s/Institutions to the transfer of the said shares and interest of the deceased member in the capital/property of the society within a period of 14 days from the publication of this notice, with copies of such documents and other proofs in support of his/her/their claims/objections at their office address as C/o. Mr. Paras M. Doshi ,Flat No. 5391, Building No.195, Pantnagar, Ghatkopar (East)- Mumbai- 400075. If no claims/objections are received within the period prescribed above, the society shall be free to deal with the shares and interest of the deceased member in the capital/property of the society in such manner as is provided under the bye-laws of the society.

For and on behalf of
Dharam Bhaskar CHS Ltd.
Sd/-
Hon. Secretary

Place : Ghatkopar
Date : 08/12/2021

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડીપાર્ટમેન્ટ: ચીફ એન્જીનીયર (મીકેનીકલ એન્ડ ઈલેક્ટ્રીકલ)
નં. ડે. ચી. એન્જી. / M&E/૫૪૬૫/WS તા. ૦૭.૧૨.૨૦૨૧ના

ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ્ મુંબઈના મ્યુનિસિપલ કમિશ્નર લાયક બીડર્સ પાસેથી ''આઈટમ રેટ બેસીસ'' પર નીચે મુજબના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડર્સ મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને બીડ સમાપ્તિ તારીખ ''ટેન્ડર્સ'' સેક્સન હેઠળ MCGM ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં જણાવેલ છે.

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા ઈ-ટેન્ડર નોટિસ

ડિપાર્ટમેન્ટ:	ચી. એન્જી. (M & E)
સેક્સન:	ડે. ચી. એન્જી. (M & E) W.S.
ઈ-ટેન્ડર નં.:	૭૨૦૦૦૨૦૫૬૨
વિષય:	**R/C વોર્ડમાં પ્રબોધનકર ઠાકરે નાટ્યમંદિર, બોરીવલી (પ.) ખાતે ઈલેક્ટ્રીકલ ઈન્સ્ટોલેશન & ધ સ્ટેજ લાઈટસ માટે બાએનીઅલ સંચાલન & નિભાવ કોન્ટ્રેક્ટ.**
બીડ પ્રારંભ: બીડ સમાપ્તિ:	તારીખ: ૦૮.૧૨.૨૦૨૧ સમય: સ. ૧૧.૦૦ તારીખ: ૨૮.૧૨.૨૦૨૧ સમય: સાં. ૧૫.૦૦
પોર્ટલ:	Http://portal.mcgm.gov.in
સંપર્ક વ્યક્તિ: એ) નામ: બી) સંપર્ક નં. (ઓફીસ): સી) ટેલીફોન નં.: ડી) ઈ-મેલ એડ્રેસ:	E.E.(M & E) W.S. શ્રી જે. ડી. શિરસાઠ ૦૨૨-૨૯૬૭૦૩૪૩ ૦૨૨-૨૯૬૭૫૮૬૨ eews01.me@mcgm.gov.in

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in/** ની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો ટપાલ/ કુરિયરથી જારી કે સ્વીકારાશે નહીં.

સહી/-
એક્ઝી. એન્જી.(M & E) W.S.- I

PRO/1687/ADV./2021-22

ચાલો, મુંબઈને મેલેરીયા મુક્ત બનાવીએ.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાયડ્રોલીક એન્જિનિયરનો વિભાગ)

ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચે આપેલ વિગતના કામ માટે ત્રણ પેકેટ સીસ્ટમમાં ટકાવારી દર ધોરણ પર લાઈનમાં ડીલીંગ કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે:

ટેન્ડર દસ્તાવેજ નં.	૭૨૦૦૦૨૦૫૮૧
સંસ્થાનું નામ	બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા
વિષય	"AE (M) WW શહેર-II વિભાગ હેઠળ ભંડારવાડા હીલ જળાશય ખાતે જોસેફ બાપ્ટીસ્ટ ગાર્ડનમાં ગાડગેટ પ્રોટેકટીંગ જોગવાઈ & ફીક્ષીંગ.''
ટેન્ડરની કિંમત	રૂા. ૨૭૩૦/- (રૂા. ૨૬૦૦/- + ૫% GST)
ઈ-ટેન્ડરની કિંમત (અંદા. ખર્ચ)	રૂા. ૨૫,૦૮,૩૬૪/-
બીડ સિક્યુરીટી ડીપોજીટ/ બારડી	રૂા. ૨૫,૧૦૦/-
ટેન્ડર જારી/વેચાણ કરવાની તારીખ	૦૯/૧૨/૨૦૨૧ ૧૧.૦૦ ક.થી
ટેન્ડરના વેચાણ અને બીડ સિક્યુરીટી ડીપોજીટની પ્રાપ્તિની અંતિમ તારીખ અને સમય	૨૧/૧૨/૨૦૨૧ ૧૫.૦૦ ક. સુધી
પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન)	૨૧/૧૨/૨૦૨૧ ૧૬.૦૦ ક. સુધી
પ્રી-બીડ મીટીંગ	લાગુ નથી
પેકેટ A ખૂલશે	૨૧/૧૨/૨૦૨૧ ૧૬.૦૧ ક. બાદ
પેકેટ B ખૂલશે	૨૧/૧૨/૨૦૨૧ ૧૬.૧૫ ક. બાદ
પેકેટ C ખૂલશે	૨૮/૧૨/૨૦૨૧ ૧૬.૦૦ ક. બાદ
વેબસાઈટ	http://portal.mcgm.gov.in
સંપર્ક વ્યક્તિ	૧. શ્રી એમ. એસ. પાઠારે (SE): ૯૯૩૦૨૬૦૪૯૬ ૨. શ્રી યુ. એસ. ગોવેકર (SE): ૯૯૩૦૨૬૦૫૬૭
સંદેશવ્યવહાર માટે એડ્રેસ	એક્ઝિક્યુટીવ એન્જિનિયર (મેન્ટેનન્સ)ની ઓફિસ મીટર વર્કશોપ MCGM, ૫૬૬, એન. એમ. જોશી માર્ગ, 'S' બ્રીજ પાસે, ભાયખલા (W), મુંબઈ-૪૦૦૦૧૧.
બીડ ખુલવાનું સ્થળ	ઓનલાઈન એક્ઝિક્યુટીવ એન્જિનિયર (મેન્ટેનન્સ)ની ઓફિસમાં, મીટર વર્કશોપ, MCGM, ૫૬૬, એન. એમ. જોશી માર્ગ, 'S' બ્રીજ પાસે, ભાયખલા (વે), મુંબઈ-૪૦૦૦૧૧.

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

MCGM કોઈ પણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈ પણ કે તમામ અરજી નકારવા કે કોઈ પણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
ડે. હાયડ્રોલીક એન્જિનિયર (મેન્ટેનન્સ) i/c
E.E. (Maint.) M. W.

PRO/1692/ADV./2021-22

ચાલો, સાથે મળી મુંબઈને મેલેરીયા મુક્ત બનાવીએ.